**સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી રાજકોટ ખાતેથી નામ-અટક બદલી માટેની ગેઝેટ પ્રસિદ્ધિ ફીના દરમાં ફેરફાર કરવા તેમજ અન્ય બે નવી સેવાઓ શરૂ કરવા બાબત.**

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : IMD/WRT/e-file/9/2023/2848/D.2,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૧૦/૨૦૨૪

<u>વંચાણે લીધા</u>:-

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:-મલસ-૧૧૨૦૧૮-૩૦૪૧૭૮-ડ-૨, તા.૩૧/૦૭/૨૦૧૮
(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: મદણ/૧૧૨૦૨૦/૬૭૨/ડી-૨, તા.૦૩/૦૭/૨૦૨૧
(૩) નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરીનો પત્ર ક્રમાંક:-ડી.જી.પી.એસ./૦૧૧૧/૦૭/૨૦૨૩, તા.૨૬/૦૭/૨૦૨૩.

<u>આમુખ</u>:-

નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગરની કચેરી હસ્તકના સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ દ્વારા નામ-અટક, જન્મતારીખ બદલી અંગે ગેઝેટમાં પ્રસિદ્ધ આપવામાં આવતી હોય છે. ઉદ્યોગ અને ખાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અને (૨) ના ઠરાવથી સરકારી રાજ્યપત્રમાં નામ-અટક તેમજ જન્મ તારીખ બદલવા અંગેની નોટીસ પ્રસિદ્ધ કરવાના દરો નિયત કરવામાં આવેલ છે. જે મુજબ નામ-અટક, જન્મતારીખ સુધારવા અંગેની પ્રસિદ્ધિ માટે તમામ વર્ગના અરજદાર માટે રૂ.૨૦૦/- ફી નિયત કરવામાં આવેલ છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના ઠરાવથી તમામ સાધારણ અને અસાધારણ ગેઝેટને સબંધિત સરકારી પ્રેસ દ્વારા વેબસાઇટ egazette.gujarat.gov.in ઉપર e-publishing કરવા અંગે ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક-(૩) ના પત્રથી નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી દ્વારા નામ-અટક તેમજ જન્મ તારીખ બદલવા અંગેની ગેઝેટ પ્રસિદ્ધ માટે નિયત થયેલ ફી માં વધારો કરવા અંગે તેમજ વહીવટી સુગમતા અને લોકોપયોગી અભિગમને આધારે નામ-અટક બદલી અંગેની તાત્કાલિક તેમજ એકાકી પ્રસિદ્ધિ માટે અન્ય નવી બે સેવાઓ શરૂ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ. જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

પુખ્ત વિચારણાને અંતે, સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ ખાતેથી પ્રસિદ્ધ થતા સાધારણ ગેઝેટમાં નામ, અટક, જન્મતારીખ બદલવા અંગેની પ્રસિધ્ધિ માટે રૂ. ૨૦૦/- ની રજિસ્ટ્રેશન ફી માં વધારો કરી, રૂ.૩૦૦/- (નોન રીફંડેબલ) રજિસ્ટ્રેશન ફી રાખવા આથી ઠરાવવામાં આવે છે. તે અંગેનું નોટીસ ફોર્મે Annexure-I મુજબ રહેશે. વધુમાં, સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ ખાતેથી તાત્કાલિક અને એકાકી નામ-અટક બદલી અંગેની ગેઝેટ પ્રસિદ્ધિ માટે નીચે મુજબની નવી બે સેવાઓ શરૂ કરવાનું ઠરાવવામાં આવે છે:

(૧) એકાકી નામ, અટક બદલીની/તાત્કાલિક પ્રસિદ્ધિની અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે રૂ.૨૫૦૦/- રજીસ્ટ્રેશન ફી (નોન-રીફંડેબલ) દ્વારા એકાકી નામ, અટક બદલી માટેની આવેલ અરજીની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જો તમામ બાબતો પરિપૂર્ણ થતી હોય, તેવી અરજીઓની દિન-૩ માં (જાહેર રજા સિવાય) અસાધારણ ગેઝેટમાં Part-II પ્રસિદ્ધ કરવામાં આવશે. જે અંગેનું નોટીસ ફોર્મે Annexure-2 મુજબ રહેશે.
(૨) એકાકી નામ, અટક બદલીની સાધારણ ગેઝેટમાં પ્રસિધ્ધિ માટે રૂ.૧૦૦૦/- રજીસ્ટ્રેશન ફી (નોન-રીફંડેબલ) દ્વારા સાધારણ ગેઝેટમાં એકાકી નામ, અટક બદલી અંગેની પ્રસિધ્ધિ નિયમિત રીતે દર ગુરૂવારે પ્રસિદ્ધ કરવામાં આવતા સાધારણ ગેઝેટમાં અરજદારની અરજીની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ તમામ બાબતો પરિપૂર્ણ થતા હોય, તેવી અરજીઓની ક્રમાનુસાર પ્રસિદ્ધિ કરવામાં આવશે. જે અંગેનું નોટીસ ફોર્મે Annexure-3 મુજબ રહેશે.

સદરહુ ઠરાવ તેની પ્રસિદ્ધિની તારીખથી અમલી થયેલ ગણાશે. આ બાબતે સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૦/૦૯/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યોગીના જે. પટેલ)
ઉપ સચિવ (કુટિર ઉદ્યોગ),
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

**પ્રતિ,**

- માન.રા.ક.મંત્રીશ્રી(છાપકામ અને લેખન સામગ્રી, સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલની કચેરી, અમદાવાદ/રાજકોટ
- સીનીયર મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી ફોટોલીથો પ્રેસ, અમદાવાદ.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી ફોટોલીથો પ્રેસ, રાજકોટ/વડોદરા/ભાવનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પસંદગી ફાઇલ-૨૦૨૪